**કોસ્ટલ સિક્યુરિટી ફેઝ-૨ અંતર્ગત પોરબંદર હાર્બર મરીન પોલીસ સ્ટેશન શરૂ કરવા બાબત**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: **પસથ/૧૦૨૦૧૨/૭૧૧/વ,**
સચિવાલય, ગાંધીનગર.
**તારીખ:** 26 MAR 2015

વંચાણે લીધા:

(૧) ગૃહ વિભાગનો તા.૧૮/૬/૧૧નો ઠરાવ ક્રમાંક:વિ.૫/CSS/૧૦૨૦૦૯/૫૮૭(ભાગ-૧).
(૨) ગૃહ મંત્રાલય ભારત સરકારનો તા.૨૪/૬/૧૩નો પત્ર ક્રમાંક:5/12/2012/CS.
(૧)અધિક પોલીસ મહાનિદેશક (ઇન્ટે.) ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા. ૨૨/૯/૧૪નો પત્ર ક્રમાંક: બોર્ડર/સી.એ/-૨/જાહેરનામુ/૧૮૪૬/૨૦૧૪.

ઠ રા વ:

ગૃહ વિભાગના સંદર્ભ દર્શિત પત્ર (૧) થી કોસ્ટલ સિક્યોરીટી સ્કીમ ફેઝ-૨ હેઠળ **૧૨** મરીન પોલીસ સ્ટેશન શરૂ કરવામાં આવેલ, જે અન્વયે વડોદરા જિલ્લામાં મુજપુર મરીન પોલીસ સ્ટેશન મંજૂર થયેલ. ભારત સરકાર, ગૃહ મંત્રાલયના સંદર્ભ દર્શિત પત્ર (૨)થી વડોદરા જિલ્લાના મુજપુર મરીનને બદલે પોરબંદર સિટી હાર્બર મરીન પોલીસ સ્ટેશન શરૂ કરવા મંજૂરી મળેલ. આ અન્વયે અધિક પોલીસ મહાનિદેશકશ્રી(ઇન્ટે.) દ્વારા સંદર્ભ દર્શિત પત્ર (3) થી પોરબંદર સિટી હાર્બર મરીન પોલીસ સ્ટેશનનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ.

સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે "પોરબંદર હાર્બર મરીન" પોલીસ સ્ટેશનમાં નીચે મુજબનો વિસ્તાર સમાવિષ્ટ કરવાનું આથી ઠરાવવામાં આવે છે:

| જિલ્લો | તાલુકો | મરીન પોલીસ સ્ટેશન | આઉટ પોસ્ટ | સ્થાનિક વિસ્તાર/ગામો |
|---|---|---|---|---|
| પોરબંદર | પોરબંદર | પોરબંદર હાર્બર | સુભાષનગર | સુભાષનગર ગામ |
| | | | | જાવર ગામ |
| | | | | કુછડી ગામ |
| | | | | ઓડદર ગામ |
| | | | | પોરબંદર પોર્ટ |
| | | | | ફિંગર જેટ્ટી |
| | | | | જી.એમ.બી. જેટ્ટી |

**(P.T.O.)**

| જિલ્લો | તાલુકો | મરીન પોલીસ સ્ટેશન | આઉટ પોસ્ટ | સ્થાનિક વિસ્તાર/ગામો |
|---|---|---|---|---|
| | | | | સૌરાષ્ટ્ર કેમિ.જેટ્ટી |
| | | | | કોસ્ટગાર્ડ જેટ્ટી |
| | | | | નેવલ જેટ્ટી |
| | | | | ફિશરીઝ ટર્મીનલ |
| | | | | અસ્માવતી ઘાટ |
| | | | | જુના બંદર |
| | | | | લકડી બંદર તથા લકડી બંદરના પુલ સુધીનો વિસ્તાર |

૨. પોરબંદર હાર્બર મરીન પોલીસ સ્ટેશન શરૂ કરવા માટે કરવાની થતી આનુષાંગિક કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજય ,ગાંધીનગર તથા પોલીસ અધિક્ષક, પોરબંદરએ હાથ ધરવાની રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૮/૩/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.આર.ભમ્મર)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(ઇન્ટે.) ગુ.રા., ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી(કા.×વ્ય.), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, જુનાગઢ રેન્જ , જુનાગઢ.
- પોલીસ અધિક્ષકશ્રી પોરબંદર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સેકશન અધિકારીશ્રી વિ-૫ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, પોરબંદર.
- સિલેક્ટ ફાઇલ.